કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

# સૌરાષ્ટ્રમાં જૈન સમાજમાં

# ઉલ્લાસ સાથે જપ તપની હેલી




જૈન સમુદાયના પાવનકારી પ્રદૂષણ મહાપર્વનો 21 ઓગસ્ટ 2025 થી પ્રારંભ થતાં જૈનોમાંઉમંગ વ્યાપ્યો છે સાત દિવસના તહેવાર દરમિયાન વ્યાખ્યાનો યોજાશે. સમગ્ર વાતાવરણ ભક્તિમય બનશે.પર્યુષણનો સમય ગાળો આઠ દિવસનો હોય છે. અને આ પર્વ ચોમાસાના ચાતુર્માસ (ચાર મહિના)દરમ્યાન આવે છે જ્યારે સાધુ સાધ્વીજીઓ ચાર માસના કાળ માટે એક સ્થળે સ્થિરવાસ રહે છે.

ઉપવાસઆ સમય દરમ્યાન જૈન ઉપવાસ રાખે છે અને આત્માને પવિત્ર કરે તેવી આધ્યાત્મિક ક્રિયાઓમાં જોડાઈ સદ્ગુણી જીવન માટે તેમને તૈયાર કરે છે. ઉપવાસનો સમયગાળો ૧ દિવસ થી લઈને 30 દિવસ સુધી નો હોઈ શકે છે. જે લોકો ઉપવાસ કરે છે તેઓ માત્ર ઉકાળેલું પાણી પીએ છે અને તે પણ માત્ર સૂર્યોદય અને સૂર્યાસ્તની વચ્ચે જ પી શકાય છે .

કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

# કાણકીયા કોલેજ ખાતે

# મેગા થેલેસેમિયા ટેસ્ટ કેમ્પ" અને "મહારક્તદાન કેમ્પ" તથા

# ડોક્ટર વડેરા સાહેબની રક્તતુલા

# જેવા અભૂતપૂર્વ ત્રિવિધ કાર્યક્રમો યોજાયા



નૂતન કેળવણી મંડળ સંચાલિત સાવરકુંડલા સ્થિત શ્રી વી.ડી. કાણકીયા આર્ટસ અને શ્રી એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ ખાતે આજરોજ તારીખ 21 ઓગષ્ટ 2025 ગુરૂવારે કોલેજ અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલા બ્રાન્ચના સંયુક્ત ઉપક્રમે ત્રિવિધ કાર્યક્રમો સફળતાપૂર્વક યોજાયેલ.

કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે "મેગા થેલેસેમિયા ટેસ્ટ કેમ્પ" અને સાવરકુંડલાને વર્ષો સુધી મેડિકલ ક્ષેત્રે સેવા આપનાર તેમજ અનેકવિધ સંસ્થાઓમાં ટ્રસ્ટી તરીકે પોતાની સેવાઓ આપનાર એવા ડૉ. જે. બી. વડેરા સાહેબના ધર્મપત્ની સ્વ. ઉમાબેનના સ્મરણાર્થે તથા વડેરાસાહેબની રક્તતુલાના હેતુથી "મહારક્તદાન કેમ્પ"નું આયોજન થયું હતું.

આ કાર્યક્રમ ના ઉદ્ઘાટન સમારોહ કાણકીયા કોલેજના સભાખંડ ખાતે યોજાયો હતો. જેમાં લીલીયા-સાવરકુંડલા વિસ્તારના લોકલાડીલા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, ડે. કલેકટરશ્રી જીલભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ શ્રી મેહુલભાઈ ત્રિવેદી, પૂર્વ ધારાસભ્ય શ્રી પ્રતાપભાઈ દુધાત, શ્રી ચંદ્રેશભાઈ રવાણી (કોંગ્રેસ અગ્રણી શ્રી), દાતાના સહયોગી શ્રી અષ્ટકાંતભાઈ સૂચક,મંડળના ટ્રસ્ટીગણમાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મુકુંદકાકા,શ્રી જયંતિભાઈ વાટલીયા(મહેતા રામજીભાઈ અમરશીભાઈ સાર્વજનિક ટ્રસ્ટ ચાંદીના સિક્કાના દાતા શ્રી), શ્રી વિનુભાઈ રાવલ, કાર્યક્રમના કેન્દ્ર સ્વરૂપ ડૉ.વડેરાસાહેબ તથા તેમના સુપુત્ર ડૉ. વિરલભાઈ, સુપુત્રી ડિમ્પલબેન(સોનાની લગડી ના દાતા), મોટા ભાઈ શ્રી મનુભાઈ તેમજ અન્ય પરિવારજનો, ડો. દિપકભાઈ શેઠ, ડૉ. રાવલસાહેબ, પ્રો. ડી.એલ. ચાવડાસાહેબ, ડૉ.ઉષાકાંતભાઈ વોરા, નયનભાઈ ગાંધી, પંકજભાઈ ગાંધી ઉપરાંત ભાજપ અગ્રણીશ્રીઓ શરદભાઈ પંડ્યા, પ્રતીકભાઈ નાકરાણી, અનિરુદ્ધસિંહ રાઠોડ, રાજેશભાઈ નાગ્રેચા, મોહિતભાઈ સુદાણી, કેશુભાઈ વાઘેલા તથા લોહાણા-મહાજન સમાજના આગેવાનો તથા અનેક કોંગ્રેસ અગ્રણીશ્રીઓ ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા ટેસ્ટ નિ:શુલ્ક છે કારણ કે તેના માટેની નાણાકીય સહાય








માતૃશ્રી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર ફાઉન્ડેશન (મૂળ સા.કુંડલા હાલ મુંબઈ) તરફથી હર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રાપ્ત થઈ છે.ઉદ્ઘાટન સમારોહના સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના આચાર્ય શ્રી ડૉ. એસ.સી. રવિયાસાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું અને પધારેલા મહેમાનોનું પુષ્પગુચ્છ તથા શાલ દ્વારા સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું.

કાણકિયા કોલેજ ના આશરે 300 વિદ્યાર્થી ભાઈઓ-બહેનો તથા ઘેલાણી કોલેજની આશરે 100 જેટલી બહેનોએ મેગા થેલેસેમિયા ટેસ્ટ કેમ્પનો લાભ લીધેલ.

મહારક્તદાન કેમ્પમાં બે બ્લડ બેંકોનો સહયોગ પ્રાપ્ત થયેલ. જેમાં વિદ્યાર્થીઓ તથા સાવરકુંડલાના સેવાભાવી નાગરિકો રક્તદાન કર્યું હતું. 170 થી પણ વધુ રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતુ. ઉપરાંત હોમગાર્ડ કમાન્ડર-નાગરિક બેંક ચેરમેન પ્રવિણભાઈ સાવજે 109મી વખત રકતદાન કરીને વિક્રમ સર્જયો હતો.

આ તકે મીડિયા-પત્રકારશ્રીઓ પ્રદીપભાઈ દોશી, યોગેશભાઈ ઉનડકટ, યશપાલભાઈ વ્યાસ તથા અન્ય પત્રકાર શ્રીઓ હાજર રહ્યા હતા.

અંતમાં ડૉ.જે.બી.વડેરાસાહેબની રક્તતુલા કરવામાં આવી હતી. રેડક્રોસના સેક્રેટરી શ્રી મેહુલભાઈ વ્યાસ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. આખાય કાર્યક્રમને સફળ બનાવવા માટે રવિયાસાહેબના સીધાજ નેતૃત્વ હેઠળ કોલેજ સ્ટાફ ગણ, એન.સી.સી. કેડેટસ, એન.એસ.એસ., યૂથ રેડક્રોસ ના સ્વયં સેવકો વગેરે એ ભારે જહેમત ઉઠાવી હતી.

લેફ્ટનન્ટ ડૉ.એલ.એલ.ચૌહાણ, ડૉ. અર્જુનસિંહ પરમાર, પ્રો.ઓ.ડૉ.આશિષભાઈ ચૌહાણ, ડૉ. હરેશ દેસરાણી, ડૉ.હાર્દિક ઉદેશી, ડૉ. કલ્પેશ રાડિયા, ડૉ. ભટ્ટસર, વાઈસ પ્રિન્સિપાલ રીન્કુબેન, પ્રો.પાર્થભાઈ ગેડીયા, પ્રો. ભૂમિકાબેન,સ્વાતિબેન, સોનલબેન, કુલદીપભાઈ તથા અન્ય સ્ટાફગણનો સહયોગ મળ્યો હતો.

બ્લડ ડોનેશન કેમ્પના લક્કી વિજેતાઓમાં સોનાની લગડી જીતનાર વિજેતા ગજ્જર પ્રતિકભાઈ સતિષભાઈ અને ચાંદીના સિક્કાઓ જીતનાર વિજેતાઓ 1)કુડેચા સાહિલ 2)સુમરા ઈમરાન 3)ડૉ. સુમેર રઈશભાઈ 4)ટાંક કમલેશભાઈ 5)મહેતા મેહુલભાઈ છે, જેમને વડેરા પરિવાર તથા ઉપસ્થિત શ્રેષ્ઠીઓના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.











# ત્રિવિધ કાર્યક્રમો સાથે શ્રી વી.ડી. કાણકીયા કોલેજે સમાજસેવાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું



નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.ડી. કાણકીયા આર્ટ્સ અને શ્રી એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ, સાવરકુંડલા ખાતે આજરોજ ગુરુવાર, તારીખ 21 ઓગસ્ટ 2025ના રોજ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, સાવરકુંડલા બ્રાન્ચના સહયોગથી ત્રિવિધ કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમોમાં મેગા થેલેસેમિયા ટેસ્ટ કેમ્પ, મહારક્તદાન કેમ્પ અને ડોક્ટર વડેરા સાહેબની રક્તતુલા જેવા અભૂતપૂર્વ સામાજિક સેવાના કાર્યક્રમોનો સમાવેશ થયો હતો.આ કાર્યક્રમોનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં આરોગ્ય જાગૃતિ ફેલાવવા, થેલેસેમિયા જેવી ગંભીર બીમારી અંગે જનજાગૃતિ લાવવા અને રક્તદાન જેવી નિઃસ્વાર્થ સેવા દ્વારા જરૂરિયાતમંદોની મદદ કરવાનો હતો.

મેગા થેલેસેમિયા ટેસ્ટ કેમ્પ*માં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લઈને પોતાનું થેલેસેમિયા ટેસ્ટ કરાવ્યું, જેનાથી આ રોગની શરૂઆતમાં જ ઓળખ થઈ શકે અને યોગ્ય સારવાર શક્ય બને. *મહારક્તદાન કેમ્પ*માં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્થાનિક નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને રક્તદાન કર્યું, જેનાથી રક્તની જરૂરિયાત ધરાવતા દર્દીઓને મદદ મળશે. આ ઉપરાંત, ડોક્ટર વડેરા સાહેબની રક્તતુલા એ આ કાર્યક્રમનું વિશેષ આકર્ષણ રહ્યું. આ અનોખી પહેલ દ્વારા રક્તદાનના મહત્વને પ્રોત્સાહન આપવામાં આવ્યું અને સમાજમાં સેવાભાવનાનો સંદેશ ફેલાવવામાં આવ્યો.આ ત્રિવિધ કાર્યક્રમોનું આયોજન કોલેજના આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સભ્યોના સંયુક્ત પ્રયાસો અને સમર્પણથી શક્ય બન્યું. આ પ્રસંગે મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો, સામાજિક આગેવાનો અને આરોગ્ય ક્ષેત્રે સેવા આપતી સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.શ્રી વી.ડી. કાણકીયા કોલેજ અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, સાવરકુંડલા બ્રાન્ચનો આ સંયુક્ત ઉપક્રમ સમાજસેવા અને આરોગ્ય જાગૃતિના ક્ષેત્રે એક મહત્વપૂર્ણ પગલું સાબિત થયો છે. આવા કાર્યક્રમો ભવિષ્યમાં પણ યોજવાની પ્રતિબદ્ધતા કોલેજ અને રેડ ક્રોસ સોસાયટી દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ઉત્સવની ઉજવણીનો ઠાઠ!




કુલ ઈનામો ૫૦૧

T & C APPLY*

...આ ઓફર તા. ૧૪-૦૮-૨૦૨૫ થી તા. ૩૧-૧૨-૨૦૨૫ સુધી માન્ય...

## શોભિત® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા.

ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 21/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# અમરેલી જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી ઝાંપટા વરસ્યા બાદ બે દિવસથી વરસાદનું જોર વધ્યું...



અમરેલી જિલ્લામાં છેલ્લા સાત દિવસથી મેઘ મહેર યથાવત રહી છે હવે છેલ્લા બે દિવસથી ભારે વરસાદના કારણે નદીઓ ડેમ અને ચેકડેમ છલકાયા છે અમરેલી જિલ્લાના મોટાભાગના વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે તો કે કેટલાક વિસ્તારોમાં જનજીવન પણ પ્રભાવિત થયું છે અને અંતરિયાળ વિસ્તારોમાં સ્થિતિ વિકટ પણ બની છે રાજુલા જાફરાવાદ અને ખાંભા પંથકમાં અનરાધાર વરસાદ વરસ્યો છે ત્યારે સાવરકુંડલા શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદ સારો પડી રહ્યો છે લાઠી દામનગર રાજપર સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે ધારી શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ પડ્યો છે. ત્યારે અમરેલી જિલ્લાના સતત વરસાદને કારણે રોડ રસ્તાઓ પાણીમાં ગરકાવ થયા છે બગસરા તાલુકા સહિત અમુક વિસ્તારોમાં પણ ભારે વરસાદ જોવા મળ્યો છે ત્યારે અમરેલી જિલ્લાના અમુક વિસ્તારોમાં લોકોને અવસરમાં પણ મુશ્કેલી પડી રહી છે જોકે ખેડૂતોમાં સારો વરસાદ થતાં ખુશીનો માહોલ પણ જોવા મળી રહ્યો છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સીપી રાધાકૃષ્ણે ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી, વડાપ્રધાન શ્રી મોદી પ્રથમ પ્રસ્તાવક બન્યા



NDA ના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર સીપી રાધાકૃષ્ણે પોતાનું નામાંકન દાખલ કર્યું છે. PM Modi, ગૃહ પ્રધાન અમિત શાહ અને કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી સહિત NDA ના ઘણા અન્ય સાંસદો પણ ઉમેદવારી પત્ર ભરવા માટે તેમની સાથે હતા. આ દરમિયાન, PM મોદી તેમના પ્રથમ પ્રસ્તાવક બન્યા છે. સીપી રાધાકૃષ્ણનના નામાંકન દાખલ કરતી વખતે NDA ની એકતા પણ જોવા મળી.

**સાથી પક્ષોએ પણ તેમને ટેકો આપવાની જાહેરાત કરી**

ભાજપ અને સાથી પક્ષોના સાંસદોમાં પ્રફુલ્લ પટેલ, રાજનાથ સિંહ, જેપી નડ્ડા, ચિરાગ પાસવાન, લલ્લન સિંહ, જીતન રામ માંઝી, કિરેન રિજિજુ અને અર્જુન રામ મેઘવાલ પણ હાજર હતા. ભાજપની આગેવાની હેઠળના NDA એ રવિવારે મહારાષ્ટ્રના રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણનને આગામી ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે. ભાજપ સંસદીય બોર્ડની બેઠક બાદ આ જાહેરાત કરવામાં આવી હતી, જેમાં PM Modi અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સહિત ઘણા વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. તેમના નામની જાહેરાત પછી, સાથી પક્ષોએ પણ તેમને ટેકો આપવાની જાહેરાત કરી છે.

**સીપી રાધાકૃષ્ણન કોણ છે?**

ચંદ્રપુરમ પોનુસામી રાધાકૃષ્ણનનો જન્મ 20 ઓક્ટોબર 1957 ના રોજ તમિલનાડુના તિરુપુરમાં થયો હતો. તેમણે 31 જુલાઈ 2024 ના રોજ મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે શપથ લીધા હતા. આ પહેલા, તેઓ લગભગ દોઢ વર્ષ સુધી ઝારખંડના રાજ્યપાલ હતા. ઝારખંડના તેમના કાર્યકાળ દરમિયાન, તેમને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા તેલંગાણાના રાજ્યપાલ અને પુડુચેરીના લેફ્ટનન્ટ ગવર્નરનો વધારાનો હવાલો પણ સોંપવામાં આવ્યો હતો. સીપી રાધાકૃષ્ણન પાસે તમિલનાડુના જાહેર જીવન અને રાજકારણમાં ચાર દાયકાથી વધુનો અનુભવ છે. ઉદાહરણ તરીકે, સીપી રાધાકૃષ્ણન પાસે RSSમાં તેમના મજબૂત સ્થાનની સાથે રાજકારણ અને શાસનનો પણ મોટો અનુભવ છે. તેઓ બે વખત લોકસભા સાંસદ અને રાજ્ય ભાજપ પ્રમુખ અને રાજ્યપાલ-લેફ્ટનન્ટ ગવર્નર તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. આ લાંબા અનુભવે તેમને NDAમાં એક અગ્રણી ચહેરો બનાવ્યો અને હવે તેઓ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી લડવા જઈ રહ્યા છે.

**સુદર્શન રેડ્ડી ગુરુવારે નામાંકન દાખલ કરશે**

વિપક્ષી જોડાણ I N D I A બ્લોકે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ બી સુદર્શન રેડ્ડીને તેમના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. મંગળવારે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે દ્વારા આ નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી. INDIA બ્લોક આ ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીને એક વૈચારિક લડાઈ તરીકે રજૂ કરી રહ્યું છે. સુદર્શન રેડ્ડી તેમના પ્રગતિશીલ વિચારો અને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય પ્રત્યે પ્રતિબદ્ધતા માટે જાણીતા હોવાનું કહેવાય છે. સૂત્રોમાંથી મળતી વિગત મુજબ 21 ઓગસ્ટ 2025 ગુરુવારના રોજ તે તેમનું નામ જાહેર થશે.

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 21/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# અમરેલીમાં ADCU હાટ પ્રદર્શની અને વેચાણ મેળાનો શુભારંભ...



અમરેલી ગાયત્રી મંદિર ખાતે અમરેલી જીલ્લા સહકારી સંઘ અને નારી ફેશન ના સંયુક્ત ઉપક્રમે ચાર દિવસીય ADCU હાટ પ્રદર્શની અને વેચાણ મેળાનો શુભારંભ થયો હતો. આ અવસરે શ્રી મનીષભાઈ સંઘાણી અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ ના અધ્યક્ષ શ્રી જયંતીભાઈ પાનસુરીયા, અમરેલી નગર શિક્ષા સમિતિના અધ્યક્ષ શ્રી તુષારભાઈ જોષી, અમરેલી જિલ્લા સહકારી સંઘ ની યુવા સમિતિ ના અધ્યક્ષ શ્રી જીગ્નેશભાઈ રામાણી અને યુવા સમિતિના ડાયરેક્ટર શ્રી રવિભાઈ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ઈન્કમટેક્સ રિટર્ન

## ભરવાની છેલ્લી તારીખ 15/09/2025

## એક સાથે ત્રણ વર્ષના રિટર્ન ભરવાની છેલ્લી તક

## પ્રિતેષ માનસેતા

## 90997 07429

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# અમરેલી માં વિશ્વ મચ્છર દિવસ ની ઉજવણી થઈ...



અમરેલી જિલ્લામાં 20 ઓગસ્ટ 2025 બુધવારના રોજ વિશ્વ મચ્છર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા જિલ્લાના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આઈઈસી પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરવામાં આવ્યુ હતુ.મચ્છરથી, મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકુનગુનિયા, હાથીપગો અને ઝીકા વાયરસ જેવા રોગોનો ફેલાવો થાય છે. આપણા ઘર અને ઘરની આસપાસ જમા થતાં ચોખ્ખા, ખુલ્લા અને બંધિયાર પાણીમાં મચ્છર તેના ઈંડા મૂકે છે. મચ્છરના ઈંડામાંથી પોરા, પોરામાંથી કોશેટો અને કોશેટામાંથી મચ્છર બને છે. મચ્છરના લીધે અનેકનેમચ્છરજન્ય રોગ થાય છે. ઘરની અગાસી પર પડ્યો રહ્યો હોય તેવો સામાન, જૂના ટાયર, વણવપરાશના વાસણ, ભંગારનો માલ સામાન સહિતના મચ્છર ઉત્પત્તિ થાય છે તેવો સામાનનિકાલ કરવો જરૂરી છે.અમરેલી જિલ્લા આરોગ્ય તંત્રએ જણાવ્યું હતું કે ઘરની આસપાસ ક્યાંય પાણી ભરાયેલું ન રહે એની કાળજી લેવી. પાઈપ લાઈન કે ગટર લીકેજ હોય તો તરત તેનું સમારકામ કરવું, ગામના અવેડા, હોજ, ખુલ્લા સંપ, સિમેન્ટ ટાંકીઓમાં પોરાભક્ષક ગપ્પી માછલી મૂકવી. તેમજ સફાઈ કરવા સહિતના પગલા ભરવા અપીલ કરી હતી. તેમજ મચ્છર ઉત્પત્તિને અટકાવવા માટે લોકો માટે જાગૃત્તિના પ્રસાયો કરવામાં આવ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 21/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# અમરેલી અને સાવરકુંડલામાં બેંકનુ ખેંચેલુ મકાન સસ્તા ભાવમાં આપવાનું છે..

## : સંપર્ક :

## મો. 93281 56261

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# સાવરકુંડલા તાલુકાના થોરડી ગામમાં સરપંચની પ્રશંસનીય કામગીરી...

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના થોરડી ગામમાં તાજેતરમાં નવી ચૂંટાયેલી ગ્રામ પંચાયતની ટીમ અને સરપંચ દ્વારા 'સ્વચ્છ ગ્રામ અભિયાન'ને સફળ બનાવવા માટે પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે.ગામના વિકાસ અને સ્વચ્છતા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા સ્પષ્ટપણે જોવા મળી રહી છે. નવી ટીમે સૌપ્રથમ ગામમાં સ્વચ્છતાનો સંકલ્પ લઈને વિવિધ કાર્યો હાથ ધર્યાં છે તે બદલ સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સહિત રાજકીય સામાજિક આગેવાનો અને ગામના આગેવાનો એ સરપંચને ધન્યવાદ આપ્યા હતા.



નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 21/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વેચાણ અથવા ભાડેથી દેવાની છે.. દરેક ધંધાને લાયક જગ્યા ભાડે આપવાની છે..

૬૦૬ વાર જગ્યા,પાણીનો દાર,
થ્રી ફેઇઝ કનેકશન,
R.C.C. બાંધકામ,
૧૫ ફુટ હાઈટે સ્લેબ
નવું બાંધકામ છે.

**સ્થળ : મહુવારોડ, સોનાલીકા ટ્રેકટર શો રૂમ પાસે, સાવરકુંડલા.**

**સંપર્ક : મો. 91063 47494**

સમય : સવારે ૧૦ થી ૧૨, બપોરે ૪ થી ૬

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 21/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# અત્યાર સુધીમાં રાજ્યમાં સરેરાશ ૭૫ ટકાથી વધુ વરસાદ નોંધાયો :

# દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૭૮ ટકા વરસાદ વરસ્યો

## રાજ્યના ૭૦ ડેમ હાઈએલર્ટ, ૩૫ ડેમ એલર્ટ અને ૧૬ ડેમ વોર્નિંગ એલર્ટ પર

## રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૭૫ ટકાથી વધુ જળસંગ્રહ

રાજ્યમાં ચોમાસાની ઋતુમાં સાર્વત્રિક વરસાદના પરિણામે તા. ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ની સ્થિતિએ સરેરાશ ૭૫ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ૭૮.૯૯ ટકા વરસાદ દક્ષિણ ગુજરાતમાં, કચ્છમાં ૭૮.૮૧ ટકા, સૌરાષ્ટ્રમાં ૭૬.૩૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭૪.૬૭ ટકા જ્યારે પૂર્વ-મધ્યમાં ૭૧.૯૭ ટકા સરેરાશ વરસાદ વરસ્યો છે તેમ, સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવાયું છે કે, સાર્વત્રિક વરસાદના પરિણામે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ ૭૯.૩૭ ટકા ભરાયેલો છે. સરદાર સરોવર સિવાય રાજ્યના કુલ ૨૦૬ ડેમમાંથી ૫૫ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે. જ્યારે ૬૬ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા, ૩૬ ડેમ ૫૦ થી ૭૦ ટકા, 30 ડેમ ૨૫ ટકા થી ૫૦ ટકા વચ્ચે અને ૧૯ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે. રાજ્યમાં હાલમાં ૭૦ ડેમ હાઈ એલર્ટ, ૩૫ ડેમ એલર્ટ તથા ૧૬ ડેમ વોર્નિંગ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં પાંચ તાલુકાઓમાં ૧૩ ઈંચ સુધી વરસાદ નોંધાયો છે. જેમાં જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં ૧૩ ઈંચથી વધુ, કેશોદ તાલુકામાં ૧૧ ઈંચથી વધુ, વંથલી તાલુકામાં ૧૦ ઈંચથી વધુ તેમજ પોરબંદર જિલ્લાના પોરબંદર તાલુકામાં ૧૦ ઈંચ અને નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં ૯ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

ચોમાસાની સ્થિતિમાં ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની એસ.ટી બસોના સફળ આયોજનના પરિણામે નહિવત ટ્રીપો રદ કરીને ૧૪ હજાર થી વધુ રૂટ ઉપર ૪૦ હજારથી વધુ ટ્રીપો પૂર્ણ કરીને વાહન વ્યવહારની સુવિધા નાગરિકોને પહોંચાડવામાં આવી છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# બજરંગ ટ્રાવેલ્સ

**નુતન નીચે, સાવરકુંડલા.**
**ઘનશ્યામ હુંમર મો. 9033208139**

## સાવરકુંડલા થી સુરત, મુંબઈ, અમદાવાદ

**શુભ પ્રસંગે બસ બુકિંગ માટે ભાડે મળશે.**

# ઘનશ્યામ ટ્રાવેલ્સ એજન્સી

**મો. 9409376228**




**ડેઈલી સર્વિસ**

## નુતન લોજ નીચે નાવલી પોલીસ ચોકી સામે સાવરકુંડલા

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS


તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# મોંઘીબા મહિલા કોલેજ, અમરેલી ખાતેચતુર્થ ભીંતપત્રિકાનું અનાવરણ કરવામાં આવ્યું...




શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલી ખાતે તા.11-08-2025 ના રોજ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ.જી.વી. વેલિયત સાહેબના માર્ગદર્શન હેઠળ શ્રીમતી એસ.એસ. અજમેરા ગર્લ્સ હાઈસ્કૂલ, અમરેલીના અંગ્રેજી શિક્ષક કવિ-લેખક શ્રી કેતનભાઈ જોષીના વરદ હસ્તે ચતુર્થ ભીંતપત્રિકાનું અનાવરણ કરવામાં આવ્યું.

આ ચતુર્થ ભીંતપત્રિકાનું આયોજન ઈન્ચાર્જ પ્રિ.ડૉ.જી.વી.વેલિયત સાહેબના પ્રેરક માર્ગદર્શન હેઠળ મોંઘીબા કોલેજના અંગ્રેજી વિભાગના અધ્યક્ષ પ્રા.જૈમિન જોષી તથા સહ અધ્યાપક પ્રા.ભૂષણ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. ગુજરાતીના પ્રા.શોભનાબેન ભેસાણીયાનું પણ યોગદાન રહ્યું હતું. કોલેજની વિદ્યાર્થિની નિરાલી મહેતાએ આર્ટીસ્ટીક સ્કેચ - 'The Bard of Avon - Shakespeare' તૈયાર કર્યો હતો તથા તિથિ ઠાકર,પ્રાંજલ મહેતા, સીમા સૈયદ અને મોનિકા પરમારે આ ભીંતપિત્રકા તૈયાર કરવામાં યોગદાન આપ્યું હતું. કોલેજના તમામ સ્ટાફ મિત્રો તથા વિદ્યાર્થિનીઓની



ઉપસ્થિતિમાં આ ચતુર્થ ભીંતપત્રિકાને વિદ્યાર્થિનીઓના હિતાર્થે વાંચન માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. હિન્દી વિભાગના પ્રા. ડૉ. અરવિંદ ઉપાધ્યાય દ્વારા શરૂ કરવામાં આવેલ ભીંતપત્રિકાના વિચારને આ ચતુર્થ ભીંતપત્રિકાનું અનાવરણ કરીને વેગ આપવામાં આવ્યો હતો.

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે
બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી,
ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

## મફતમાં કરી આપવામાં આવશે.

# શિવમ્

## ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

**૨૪ કલાક ઈમરજન્સી સારવાર**

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)
(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

- અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
- અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
- દરેક પ્રકારના ફ્રેકચર અને અકસ્માત કેસની સારવાર
- કલોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
- ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
- સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
- દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
- સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
- બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
- સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
- એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
- MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત
(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

- ૨૪ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
- TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
- સ્રીરોગ નિદાન અને સારવાર.
- અત્યાધુનિક પ્રસુતિગૃહ.
- જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
- કુટુંબ નિયોજન કેન્દ્ર.
- વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertility Clinic) તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
- ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
- કેન્સર નિદાન
- ગુપ્તરોગ (સ્ત્રી/પુરુષ) નિદાન અને સારવાર
- એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# રાજુલામાં બાલાભાઈ ભટ્ટ

# અનોખી સેવા




આખા વર્ષ ના સોમવારે બિલીપત્ર નિશુલ્ક સેવા આપે છે આખાય રાજુલા ના શિવમંદીર મા શિવલીંગ ઉપર ભક્તો હોશે હોશે બિલીપત્ર ચડાવે છે અને શ્રાવણ માસ મા આખો મહિનો 150/કર્તા વધારે ઘરે અને દુકાને જય ને સેવા પુરી પાડે છે 65/ વર્ષ ની ઉમરે બિલીપત્ર જાતે તોડી ને જુદા કરી ને સાયકલ ઉપર વિતરણ કરે છે આ સેવા ને ચેમ્બર ઓફ કોમર્સ ના શ્રી બકુલભાઈ વોરા હવેલી ચોક યુવક મંડળ ના ભાવેશભાઈ ચોટલીયા. અભય દાદા રાજ્યગુરુ. હિતેશ ભાઈ કંસારા એ તેમની આ સેવા ને બિરદાવી છે આ વિપુલ લહેરી ની યાદી જણાવે છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# અમરેલી ડિવિઝનની તમામ પોસ્ટ ઓફિસમાં એડવાન્સ પોસ્ટલ ટેકનોલોજીનો પ્રારંભ

## કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રીશ્રીના માર્ગદર્શન અંતર્ગત IT 2.0નો પ્રારંભ

## ડિજિટલ ઈન્ડિયા તરફ ભારતીય પોસ્ટની સફરમાં એક સીમાચિહ્નરૂપ શરુઆત

અમરેલી, તા.૨૧ ઓગસ્ટ, ૨૦૨૫ (ગુરુવાર) વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિ અને કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રીશ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાના માર્ગદર્શન અંતર્ગત IT 2.0 અમલી છે. સમગ્ર દેશની પોસ્ટ ઓફિસમાં એડવાન્સ પોસ્ટલ ટેકનોલોજી (A P T ) નો શરુઆત કરવામાં આવી છે. અમરેલી પોસ્ટ ડિવિઝનની તમામ પોસ્ટ ઓફિસમાં તા.૨૨ જુલાઈ, ૨૦૨૫થી એડવાન્સ પોસ્ટલ ટેકનોલોજી (APT) આધારિત સેવાઓનો શુભારંભ કરવામાં આવ્યો છે. પોસ્ટ વિભાગમાં આઈ.ટી. મોર્ડનાઈઝેશન પ્રોજેક્ટ ૧.0ની સફળતાના આધારે લોન્ચ કરવામાં આવેલું નવું એડવાન્સ પોસ્ટલ ટેકનોલોજી પ્લેટફોર્મ માઈક્રો સર્વિસ આધારિત એપ્લિકેશન રજૂ કરે છે. જેના કારણે પોસ્ટ ઓફિસમાં ઝડપી, વધુ વિશ્વસનીય અને વપરાશકર્તા મૈત્રીપૂર્ણ નાગરિક કેન્દ્રિત સેવાઓ પ્રદાન કરે છે. સેન્ટર ફોર એક્સલન્સ ઈન પોસ્ટલ ટેકનોલોજી (CEPT) દ્વારા સ્વદેશી રીતે ડિઝાઈન અને વિકસિત આ એપ્લિકેશન કેન્દ્ર સરકારના ક્લાઉડ પ્લેટફોર્મ મેઘરાજ ૨.0 પર હોસ્ટ કરવામાં આવી છે અને બી.એસ.એન.એલ.ની રાષ્ટ્રવ્યાપી ટેકનોલોજી દ્વારા સમર્થિત છે. આ અંગે કેન્દ્રીય મંત્રીશ્રી સિંધિયા કહે છે કે, એપીટી ઈન્ડિયા પોસ્ટને વિશ્વ કક્ષાના જાહેર લોજિસ્ટિક્સ સંગઠનમાં પરિવર્તિત કરશે જે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આત્મનિર્ભર ડિજિટલ ભારતનો માર્ગ તૈયાર કરે છે. એ.પી.ટી. સુક્ષ્મ સેવાઓ, ઓપન એ.પી.આઈ આધારિત આર્કિટેક્ચર, બુકિંગથી ડિલિવરી સુધીનું તમામ ડિજિટલ નિવારણ, QR કોડ ચૂકવણીઓ, OTP આધારિત ડિલિવરી, ડિલિવરીની ચોકસાઈ વધારવા માટે ૧૦ અંકોના આલ્ફા ન્યૂમેરિક પીનથી સુસજ્જ છે. રાજ્યમાં તા.0૪ ઓગસ્ટ, ૨૦૨૫થી તમામ ૨૩ પોસ્ટ સર્કલમાં આ સેવાઓનો પ્રારંભ થયો છે. જેમાં ૧.૭0 લાખથી વધુ ઓફિસ જેમાં પોસ્ટ ઓફિસ, મેઈલ ઓફિસ, વહીવટી એકમો એપીટી પર કાર્યરત છે. આ પ્રોજેક્ટ અંતર્ગત નવી ટેકનોલોજી અંગે ૪.૬ લાખથી વધુ કર્મચારીઓને તાલીમ આપવામાં આવી છે. આ સિસ્ટમ હેઠળ એક જ દિવસમાં ૩૨ લાખથી વધુ બૂકિંગ અને ૩૭ લાખ ડિલિવરી સફળતાપૂર્વક કરવામાં આવી છે, તેમ અમરેલી પોસ્ટ ડિવિઝન (ડાકઘર) અધિક્ષકશ્રી એ એક યાદીમાં જણાવ્યુ છે.



નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 21/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# તા.૧૯ થી તા.૨૮ સપ્ટેમ્બર દરમિયાન પ્રાદેશિક સરસ મેળાનું આયોજન

## સ્વસહાય જૂથનાં મહિલાઓ દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓનું અમરેલીમાં યોજાશે પ્રદર્શન સહ વેચાણ

અમરેલી, તા.૨૧ ઓગસ્ટ, ૨૦૨૫ (ગુરુવાર) અમરેલી ખાતે આગામી તા.૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫થી તા.૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન પ્રાદેશિક સરસ મેળો યોજાશે. અમરેલી ફોરવર્ડ હાઈસ્કૂલના મેદાન ખાતે તા.૧૯.૦૯.૨૦૨૫ના રોજ સવારે ૧૧.૦૦ કલાકથી આ મેળાનો પ્રારંભ થશે. પ્રાદેશિક સરસ મેળામાં સ્વ સહાય જૂથો અને સખી મંડળ દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓનું પ્રદર્શન સહ વેચાણ થશે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. દ્વારા મહિલાઓના સશક્તિકરણ માટે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ સ્વસહાય જૂથો અને સખી મંડળનો કૌશલ્ય તાલીમ દ્વારા આજીવિકાલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડાણ કરવામાં આવે છે. ઉત્પાદકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ સ્વસહાય જૂથ દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓના પ્રદર્શન સહ વેચાણની તક આ મેળામાં મળશે. વધુમાં વધુ નાગરિકોને આ મેળાનો લાભ લેવા અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સિનિયર જનરલ મેનેજર અને નિયામકશ્રી એ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



જય શ્રી સતી માં

**આવી રહ્યો છે... ગ્રાહકો ના ઘરે ઘરે આનંદોત્સવ**

**સૌભાગ્યનો સંદેશ આવી ગયો છે... આપનું ભાગ્ય ચમકી રહ્યું છે...**

"સોના થી સમૃદ્ધિ ચમકે, સંપત્તિ ચમકે, સૌંદર્ય ચમકે,
સુરક્ષા ચમકે, શ્રૃંગાર ચમકે...પણ હવે "સૌભાગ્ય" પણ ચમકશે!"




## સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ – 2025

તો એડવાન્સ બુકિંગ ની શુભ શરુઆત થઈ ગઈ છે
તો એડવાન્સ બુકિંગ માટે આજે જ અમારા શો - રૂમ માં પધારો

**જેમાં છે બમ્પર ઈનામો નો વરસાદ.. જેમાં છે. 1 થી 5 બમ્પર ઈનામ**
**6 મારુતિ અલ્ટો30 * 7 એકટીવા 90 * 8તથા અન્ય મોટા ઈનામો**

AR JEWELLERS

# એ.આર. જવેલર્સ

**રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.**

**મો. 98244 46074/94286 18687**

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# રાજ્યમાં વિકેન્દ્રિત આયોજન વ્યવસ્થાને વધુ લોકતાંત્રિક-પ્રતિનિધિત્વ આધારિત અને જનકેન્દ્રિત બનાવવાની GARCના ચોથા અહેવાલમાં ભલામણો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારત @ ૨૦૪૭ના સંકલ્પમાં વિકસિત ગુજરાત @ ૨૦૪૭ને અગ્રેસર રાખવાના ધ્યેયથી રાજ્ય શાસનના વહીવટી માળખા અને કાર્ય પદ્ધતિમાં જરૂરી ફેરફાર માટે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢીયાના અધ્યક્ષ પદે ગુજરાત વહીવટી સુધારણા પંચની રચના કરેલી છે. આ સંદર્ભમાં GARC દ્વારા અત્યારસુધીમાં રાજ્ય સરકારને ત્રણ ભલામણ અહેવાલો સોંપવામાં આવેલા છે અને તેની કુલ મળીને ૨૫ ભલામણો અમલીકરણના વિવિધ તબક્કામાં છે. GARC અધ્યક્ષ ડૉ. હસમુખ અઢીયાના દિશાદર્શનમાં ૯ જેટલી ભલામણો સાથે તૈયાર કરવામાં આવેલો ચોથો ભલામણ અહેવાલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને ગુરુવારે સુપ્રત કરવામાં આવ્યો હતો. યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૪માં રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસે “અમારી સરકાર પંચાયતી રાજ સંસ્થાઓને મજબૂત બનાવવા અને લોકોના સપનાઓને સાકાર કરવા સતત કાર્યરત રહેશે.” ના કરેલા સંકલ્પને ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગામથી રાજ્ય સુધીના લોકશાહી આધારિત વિકાસ મોડલથી સાકાર કરવાના ઉદ્દેશ્યથી GARCના આ ચોથા ભલામણ અહેવાલમાં વિકેન્દ્રીકૃત આયોજન સંબંધિત ભલામણો કરવામાં આવેલી છે. આ ચોથા અહેવાલમાં વિકેન્દ્રીત આયોજન અને બજેટ વ્યવસ્થા અંગે જે ઐતિહાસિક ભલામણો કરવામાં આવી છે તેના પરિણામે લોકકેન્દ્રિત વિકાસ, પારદર્શિતા અને જવાબદારીના નવા યુગની શરૂઆત થશે અને મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં રાજ્યમાં ગામથી તાલુકા અને જિલ્લાની યોજના પ્રક્રિયા વધુ લોકતાંત્રિક, પ્રતિનિધિત્વ આધારિત અને જનકેન્દ્રિત બનશે તેવી અપેક્ષા આ અહેવાલમાં વ્યક્ત કરવામાં આવી છે.મુખ્યમંત્રીશ્રીને GARCનો આ ચોથો અહેવાલ પંચના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢિયાએ સુપ્રત કર્યો તે અવસરે મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, મુખ્યમંત્રીશ્રીના સલાહકાર શ્રી એસ. એસ. રાઠૌર, વહિવટી સુધારણા પ્રભાગના અગ્ર સચિવ શ્રી હારિત શુક્લા, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે અને આયોજન પ્રભાગના સચિવ શ્રીમતી આર્દ્રા અગ્રવાલ અને GARCના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. GARCના આ ચોથા અહેવાલમાં ગુજરાતના આયોજન માળખામાં મૂળભૂત પરિવર્તન લાવતી ભલામણો કરવામાં આવી છે તે રાજ્યના નાગરિકોને સીધો લાભ પહોંચાડનારી છે. આ ભલામણો દ્વારા રાજ્યમાં વિકેન્દ્રિકૃત આયોજનને મજબૂત બનાવવાનું અને ગામડાંઓને વિકાસ પ્રક્રિયાના કેન્દ્રમાં લાવવાનું મહત્વપૂર્ણ કદમ ભરવામા આવ્યુ છે.આ અહેવાલની મુખ્ય ભલામણોમાં જિલ્લા આયોજનના બજેટમાં આવતા પાંચ વર્ષમાં સાતથી આઠ ગણા જેટલો ધરખમ વધારો, જિલ્લા આયોજન મંડળમાંથી જિલ્લા આયોજન સમિતિ – ચૂંટાયેલા પ્રતિનિધિઓને બહુમતી, આયોજન માટે ફિક્સ કૅલેન્ડર, તાલુકા સ્તરે એકીકૃત સમિતિ અને વિલેજ ડેવલપમેન્ટ પ્લાનનો સમાવેશ થાય છે. જિલ્લા આયોજનના બજેટમાં આવતા પાંચ વર્ષમાં અંદાજે સાતથી આઠ ગણો ધરખમ વધારો:સ્થાનિક સ્તરના પાયાના કડીરૂપ કામો માટેનુ જિલ્લા આયોજન માટેનું જે બજેટ વર્ષોથી સ્થિર રહ્યું છે, તેમાં હવે પંચ દ્વારા આવતા પાંચ વર્ષોમાં વાર્ષિક રૂ. ૧૦,૦૦૦ કરોડ જેટલી માતબર રકમનો વધારો કરવાની ભલામણ કરવામાં આવેલી છે. બજેટનો વધારો થતા વધુ રસ્તા, વધુ શાળાઓ, વધુ આરોગ્ય સુવિધાઓ અને વધુ રોજગારની તકો ઉભી થશે અને  ગ્રામીણ સ્તરના પાયાના લોકોની શાસનમા ભાગીદારી વધશે.

જિલ્લા આયોજન મંડળમાંથી જિલ્લા આયોજન સમિતિ – ચૂંટાયેલા પ્રતિનિધિઓને બહુમતી:

રાજ્યમાં ૧૯૭૩થી જિલ્લા કક્ષાના આયોજન માટે જિલ્લા આયોજન મંડળ અસ્તિત્વમાં છે. આ જિલ્લા આયોજન મંડળની જગ્યાએ જિલ્લા કક્ષાના તમામ આયોજનની મંજૂરી હવેથી ભારતના બંધારણમાં સૂચવ્યા મુજબની જિલ્લા આયોજન સમિતિ દ્વારા આપવામાં આવે તેવી ભલામણ આ અહેવાલમાં કરવામાં આવી છે. એટલુ જ નહિ,  જિલ્લા આયોજન સમિતિમા જિલ્લા કક્ષાએ ચુંટાયેલા પ્રતિનિધિઓને પ્રાધાન્ય આપીને પંચાયત સ્તરને વધુ સુદ્રઢ બનાવવામાં આવશે તથા જિલ્લા આયોજન સમિતિમાં જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી અધ્યક્ષ તરીકે યથાવત રહેશે. હવે જિલ્લા સ્તરે યોજનાઓ નક્કી કરવાનો અધિકાર જનતાના ચૂંટાયેલા પ્રતિનિધિઓના હાથમાં આવશે અને લોકશાહીનો સાચો અર્થ પણ સાકાર થઈ શકશે.

આયોજન માટે ફિક્સ કૅલેન્ડર: વિવિધ યોજનાઓ અન્વયેના કામો નક્કી કરવાથી લઈને વહીવટી મંજૂરી તેમજ ટેન્ડરીંગ અને વર્ક ઓર્ડર ઈસ્યુ કરવા માટે પંચ દ્વારા એક ફિક્સ કૅલેન્ડરની ભલામણ કરવામાં આવી છે. આ કેલેન્ડર મુજબ આગામી વર્ષની આયોજન પ્રક્રિયા આ વર્ષના જૂન–જુલાઈ મહિનાથી ગામ સ્તરે શરૂ થશે અને તે તમામ વહીવટી પ્રક્રીયાઓ એ રીતે પૂરી કરવામાં આવશે કે આવતા વર્ષના એપ્રિલ મહિનાથી વાસ્તવમાં કામગીરી શરૂ થઈ શકે અને સમયમર્યાદામાં કામ પૂરૂ થઈ શકે. આવા કેલેન્ડરથી આયોજન અને અમલીકરણ નિયત સમયમર્યાદામાં પૂરા થઈ શકશે અને નાણાંનો શ્રેષ્ઠ ઉપયોગ તથા ગુણવત્તાયુક્ત કામ થશે તેવી ભલામણ પણ પંચ દ્વારા કરવામાં આવી છે.

તાલુકા સ્તરે એકીકૃત સમિતિ:તાલુકા કક્ષાએ આયોજન મંજૂર કરવા પ્રવર્તમાન સ્થિતિએ એક કરતા વધારે સમિતિઓ અસ્તિત્વમાં છે, તેમાં સરકારની વિવિધ યોજના અન્વયેના કામોને મંજૂરી આપવામાં આવે છે. પરંતુ, આ અલગ અલગ સમિતિઓના કારણે તાલુકા કક્ષાએ ઘણી વાર સંકલનના અભાવે અનેક સમસ્યાઓ ઉપસ્થિત થતી હોય છે. હવે પંચ દ્વારા તાલુકા કક્ષાએ કોઈ પણ કામની મંજૂરી માટે એક જ સમિતિ “એકીકૃત તાલુકા આયોજન સમિતિ” રહે તે મુજબની ભલામણ કરવામાં આવી છે. આનાથી કામ મંજૂર કરવામા થતો વિલંબ ઘટશે અને ગુંચવણ પણ ઓછી થશે. તાલુકા સ્તરે ઝડપી અને એકીકૃત નિર્ણય લેવાતા દરેક નાગરિકને તેનો સીધો લાભ પણ મળશે.

વિલેજ ડેવલપમેન્ટ પ્લાન – નાગરિકોની સીધી ભાગીદારી:

દરેક ગામ પોતે Village Development Plan તૈયાર કરશે અને ગ્રામસભા દ્વારા આ વિલેજ ડેવલપમેન્ટ પ્લાનને મંજૂર કરવામાં આવશે. તાલુકા કક્ષા અને જિલ્લા કક્ષાએ જે કામોનુ આયોજન મંજૂર કરવામાં આવશે તે તમામ આયોજન માટે કામોની પસંદગી આ વિલેજ ડેવલપમેન્ટ પ્લાનમાંથી જ કરવાની રહેશે. હવે, ગ્રામજનો જાતે નક્કી કરશે કે તેમના વિસ્તારમાં કયા કામો થવા જોઈએ. આમ, ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો પણ હવે વિકાસમા ભાગીદાર પણ બનશે અને ગાંધીજીની સ્વરાજની કલ્પના – “ગામ પોતાનું ભવિષ્ય પોતે નક્કી કરે” – સાચા અર્થમાં સાકાર થશે. આ ઉપરાંત ગ્રામ સ્તરે શિક્ષણ, પીવાનું પાણી, રસ્તા, સ્વાસ્થ્ય કેન્દ્રો જેવી પ્રાથમિક સુવિધાઓ માટે લોકો જાતે જ પ્રાથમિકતાઓ નક્કી કરી શકશે.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસના સાચા સશક્તિકરણ માટે ગામડા પોતે પોતાના નિર્ણય લે અને પોતાના વિકાસમાં પોતે જ ભાગીદાર બને તે અંગેના આપેલા વિચારથી વિકસિત ભારત ૨૦૪૭માં ગ્રામીણ વિસ્તારોની સક્રિય ભાગીદારી વધારીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વિકસિત ગુજરાત ૨૦૪૭નું સપનું સાકાર કરવા માટે GARCના આ ચોથા અહેવાલની ભલામણો મજબૂત પાયો પુરો પાડશે અને ગામથી તાલુકા અને જિલ્લામાં લોક કેન્દ્રિત આયોજન રાજ્યના વહિવટને વધુ અસરકારક અને જવાબદાર બનાવશે. રાજ્યમાં વિકેન્દ્રિત આયોજન વ્યવસ્થા વધુ સંગીન બનાવવા GARCના ચોથા અહેવાલમાં જે અન્ય ભલામણો કરવામાં આવી છે તેમા MLA Local Area Develop ment સિવાયની સા.વ.વિ.(આયોજન) હસ્તકની  તમામ યોજનાઓ માટે કામોની પસંદગી માટે હવે એક જ પ્રકિયા અનુસરવાની, ટેકનોલોજી આધારિત ટ્રેકિંગ સિસ્ટમની, વિકાસશીલ તાલુકાના માપદંડો નવેસરથી નક્કી કરવાની અને પર્ફોર્મન્સ આધારિત જવાબદારી વગેરેનો સમાવેશ થાય છે.GARCના ચોથા અહેવાલની આ ભલામણો GARCની વેબસાઈટ https://garcguj.in/resources ઉપર અપલોડ કરવામાં આવેલી છે.

ના નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 21/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


એનિવર્સરી કેક - બેબીશાવર કેક
સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
મેક અપ કીટ કેક - ફોટો કેક

અઢળક કેકની વેરાયટીઓ

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક
માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ
ડેકોરેશનનું એકમાત્ર
વિશ્વાસ પાત્ર સ્થળ



નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

તારીખ : 21/08/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## જિલ્લાના છૂટાછવાયા વિસ્તારમાં વરસાદની સંભાવના

# નાગરિકોને સાવચેતી અને તકેદારીનાં જરુરી તમામ પગલાં લેવા અનુરોધ

અમરેલી, તા.૨૧ ઓગસ્ટ, ૨૦૨૫ (ગુરુવાર) ભાવનગર ફ્લડ કંટ્રોલના જણાવ્યા મુજબ અમરેલી, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ સહિત સૌરાષ્ટ્રનાં વિવિધ જિલ્લાના છૂટાછવાયા વિસ્તારમાં તા.૨૧/૦૮/૨૦૨૫ના રોજ હળવાથી ભારે, હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ડાંગ સહિતના જિલ્લામાં હળવા થી ભારે, અતિ ભારે વરસાદની સંભાવના છે.તા.૨૨/૦૮/૨૦૨૫ થી તા.૨૭/૦૮/૨૦૨૫ સુધી હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. તા.૨૧/૦૮/૨૦૨૫ થી તા.૨૫/૦૮/૨૦૨૫ સુધી હળવી મેઘગર્જના સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. તા.૨૧/૦૮/૨૦૨૫થી તા.૨૭/૦૮/૨૦૨૫ સુધી છુટા છવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. આથી, અમરેલી જિલ્લાના નાગરિકોને સાવચેતી અને તકેદારીનાં જરુરી તમામ પગલાં લેવા અમરેલી ફ્લડ સેલ દ્વારા સૂચના આપવામાં આવી છે.

જાઙ્કડ A4 પેકેટ ₹ 175

મીનીમમ 10 પેકેટ

શ્રી રાજ

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યૂઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...

## HAPPY BIRTHDAY



## રાહુલ જી. મકવાણા

પુર્વ સાવરકુંડલા
શહેર ભાજપ મંત્રી

HAPPY BIRTHDAY

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## માહેનુંર સેલોત

HAPPY BIRTHDAY

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 21/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**આજે તમારો જન્મદિવસ છે કંઈ ખવડાવો પાર્ટી આપો**
**બર્થ ડે બોય: હા હું પાર્ટી આપીશ ખવડાવીશ ખાલી પૈસા તમે દઈ દેજો.**

---

**ભાઈ પત્ની ક્યારે શાંત હોય છે**
**મોટો ભાઈ : સપનામાં**

---

**અત્યારે સ્કૂલમાં કાંઈ પ્રોગ્રામ હોય તો વિદ્યાર્થીઓ કહે વાવ આઈ એમ એક્સાઈટેડ અને પહેલા વિદ્યાર્થીઓ કહેતા સાહેબ બેગ લાવવાનું?**

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 21/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 21 ઓગષ્ટ

# મહત્વની ઘટનાઓ

૧૭૭૦ – જેમ્સ કૂકે ઔપચારીક રૂપે પૂર્વ ઓસ્ટ્રેલિયા પર ગ્રેટ બ્રિટનનો દાવો કરી અને તેને 'ન્યુ સાઉથ વેલ્સ' નામ પ્રદાન કર્યું.

૧૯૧૧ – મોનાલિસા (એક ઉત્કૃષ્ટ ચિત્ર)ની, 'લૂવ્ર સંગ્રહાલય'નાંજ એક કર્મચારી દ્વારા ચોરી કરાઈ.

૧૯૭૨ – વન્યપ્રાણીઓના શિકાર અને તેના માંસ તથા ચામડાનો વેપાર અટકાવવાના હેતુથી ભારતીય સંસદ દ્વારા વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ (Wild Life (Protection) Act, 1972) પસાર કરવામાં આવ્યો. (કાયદો ૯ સપ્ટેમ્બર ૧૯૭૨થી અમલી બન્યો)

૧૯૮૬ – કેમેરૂનનાં જ્વાળામૂખીય તળાવ 'લેઈક ન્યોસ'માંથી અંગારવાયુ (કાર્બન ડાયોક્સાઈડ) ફૂટી પડ્યો, જેનાથી ૨૦ કિમી.નાં વિસ્તારમાં ૧,૮૦૦ કરતા વધુ લોકોની જાનહાની થઈ.

૧૯૯૧ – લાટવિયાએ ૧૯૪૦થી સોવિયેત યુનિયન દ્વારા તેના પરના કબજા પછી તેની સંપૂર્ણ સ્વતંત્રતાની ઘોષણા કરી.

## જન્મ

૧૮૦૫ – ગૌરીશંકર ઉદયશંકર ઓઝા, ભાવનગર રજવાડાના મુખ્ય કારભારી (અ. ૧૮૯૧)

૧૮૪૨ – કેખુશરૂ કાબરાજી, ગુજરાતી નવલકથાકાર અને નાટ્યકાર (અ. ૧૯૦૪)

૧૯૦૫ – બિપિન ગુપ્તા, ભારતીય અભિનેતા અને નિર્માતા (અ. ૧૯૮૧)

૧૯૦૭ – પી. જીવાનંદમ, ભારતીય વકીલ અને રાજકારણી (અ. ૧૯૬૩)

૧૯૭૩ – સેર્ગેઈ બ્રિન, ગૂગલ ઈન્કના સહસ્થાપક રશિયન અમેરિકન કોમ્પ્યુટર વિજ્ઞાની અને ઉદ્યોગપતિ૧૯૭૮ – ભુમિકા ચાવલા, ભારતીય અભિનેત્રી

૧૯૮૬ – યુસૈન બોલ્ટ, જમૈકાના ટૂંકી દોડવીર અને ત્રણવાર ઓલમ્પિક્સ સુવર્ણચંદ્રક વિજેતા

૧૯૯૧ – ધ્યાની દવે, ચેસની રમતના ભારતીય ખેલાડી

## અવસાન

૧૯૪૮ – શોએબુલ્લાહ – ક્રાંતિકારી પત્રકાર (જ. ૧૯૨૦)

૨૦૦૬ – ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન, ભારતીય સંગીતકાર,શરણાઈ વાદક (જ. ૧૯૧૬)

૧૯૧૭ - વિનુ માંકડ, ભારતીય ક્રિકેટ ખેલાડી

૧૯૭૪ – કિરપાલ સિંહ, ભારતીય આધ્યાત્મિક ગુરૂ (જ. ૧૮૯૪)

૧૯૭૮ – વિનુ માંકડ, ભારતીય ક્રિકેટર (જ. ૧૯૧૭)

૧૯૮૧ – કાકાસાહેબ કાલેલકર, ગુજરાતી સાહિત્યકાર, નિબંધકાર અને પ્રવાસલેખક (જ.૧૮૮૫)

૧૯૯૫ – સુબ્રમણ્યન ચંદ્રશેખર, ભારતીય મૂળના અમેરિકન તારક ભૌતિકશાસ્ત્રી (જ. ૧૯૧૦)

૨૦૦૬ – બિસ્મિલ્લાહ ખાન, ભારત રત્ન પુરસ્કાર વિજેતા ભારતીય સંગીતકાર (જ. ૧૯૧૬)

## તહેવારો અને ઉજવણીઓ

વિશ્વ વરિષ્ઠ નાગરિક દિવસ (World Senior Citizen's Day)

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



21/08/25

Thursday

## आत्मा

जिस सुबह "सूर्य दर्शन" होता है, वह दिन हमारा सदैव ही अच्छा जाता है।

बाबास्वामी

२१/8/2025

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 21/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# ન થાઓ

ભકતેશ્ર્વર !

શત્રુઓ સાથે વેરભાવ ન થાઓ, મિત્રો સાથે અવિશ્ર્વાસ ન થાઓ, દ્વેષીજનો સાથે સ્પર્ધા ન થાઓ, દીનજનો સાથે નિર્દયતા ન થાઓ, સજજનો સાથે સંઘર્ષ ન થાઓ, શ્રેષ્ઠીઓ સાથે ઈર્ષ્યા ન થાઓ, ભકતો સાથે દ્વેષ ન થાઓ, સંત-વચનોમાં અશ્રદ્ધા ન થાઓ અને આપના ભજનમાં કદાપિ અરુચિ, આળસ કે પ્રમાદ ન થાઓ, કૃપાળુ !

**પૂ. સ્વામી શ્રી ભોલાનંદ સરસ્વતીજી મહારાજ**

(- બ્ર. પૂ. પા. સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજના કૃપાપાત્ર સદ્‌શિષ્ય શ્રી)



Guru Sannidhya

સાનિધ્ય એન્ડ્રોઈડ એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે આ QR સ્કેન કરો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરુદેવ કહે છે

"શું ન કરવું જોઈએ એ શીખવવાની તાકાત શેનામાં ? **નિષ્ફળતામાં.**"



**આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ**

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

# દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?



કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ

# ફ્રેશ પસ્તી




## સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

**CLICK HEAR**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



તારીખ : 21/08/2025

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો
# કે.ડી ન્યૂઝ સાથે...




સંપર્ક : મો. 9499797973